# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને પ્રાકૃતિક ખેતી અને 'એક પેડ મા કે નામ' અભિયાનમાં જોડાવવા અનુરોધ કર્યો.**
2. **વિધાનસભામાં આબોહવા પરિવર્તન વિભાગની માગણીઓ પસાર.**
3. **રાજ્ય સહિત દેશભરમાં આજે આંતર-રાષ્ટ્રીય વન દિવસની ઉજવણી.**
4. **રાજ્યમાં આગામી 48 કલાકમાં પારો બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધવાની આગાહી.**
5. **રાજ્યના ખેલાડીઓએ ગત બે વર્ષમાં રાષ્ટ્રીય કક્ષાએ 808 અને આંતર-રાષ્ટ્રીય કક્ષાએ 104 ચંદ્રક જીત્યા.**

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM BAVALIYADIDHAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને પ્રાકૃતિક ખેતી અને 'એક પેડ મા કે નામ' અભિયાનમાં જોડાવવા અનુરોધ કર્યો છે. શ્રી મોદી ગઈકાલે અમદાવાદના ધોલેરા નજીક બાવળિયાળી ખાતે સંત શ્રી નગાલખા બાપા-ઠાકરધામના પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને ગોપજ્ઞાન ગાથામાં ઑનલાઈન માધ્યમથી જોડાયા હતા. દરમિયાન શ્રી મોદીએ કહ્યું, ગામડાઓનો વિકાસ એ વિકસિત ભારત બનાવવા તરફનું પ્રથમ પગલું છે. શ્રી મોદીએ શિક્ષણના મહત્વ પર પણ ભાર મુક્યો. તેમણે ભરવાડ સમુદાયના સેવા પ્રત્યેના સમર્પણ, પ્રકૃતિ પ્રત્યે પ્રેમ અને ગૌરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાની પણ પ્રશંસા કરી હતી.

(બાઈટઃ નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

આ પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં વિરાસતથી વિકાસની યાત્રામાં નાનામાં નાનો નાગરિક પણ જોડાય તે માટે સરકાર પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું. બીજી તરફ ભરવાડ સમાજની 75 હજારથી વધુ બહેનોએ પરંપરાગત હુડો રાસ રમીને વિક્રમ સર્જ્યો હતો.

# CLIMATE CHANGE MANGANI PASAR

ગુજરાત વિધાનસભામાં ગઇકાલે આબોહવા પરિવર્તન વિભાગની માગણીઓ પસાર કરવામાં આવી. આ માગણીઓ રજૂ કરતા આબોહવા

**પરિવર્તન વિભાગના મંત્રી મુળુભાઈ બેરાએ આબોહવા પરિવર્તન જેવી વૈશ્વિક સમસ્યાને પહોંચી વળવા સૌને સંકલ્પબદ્ધ બનવા પર ભાર મુક્યો હતો. શ્રી બેરાએ કહ્યું, 'રાજ્યમાં પુનઃપ્રાપ્ય ઊર્જા નીતિ-2023 અંતર્ગત રાજ્યની કુલ પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા 12 હજાર 510 મેગાવૉટ થતાં પવન ઊર્જા ક્ષેત્રે ગુજરાતે દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.'**

**શ્રી બેરાએ ઉમેર્યું, 'ગુજરાતે વર્ષ 2015થી બેટરી સંચાલિત વાહનો માટે શરૂ કરેલી સબસિડી સહાય યોજના અંતર્ગત રાજ્યની શાળાઓમાં ધોરણ 11 અને 12 તેમ જ મહાવિદ્યાલય સુધીના વિદ્યાર્થીઓ માટે વાહન ખરીદવા પ્રતિવાહન 12 હજાર રૂપિયા સબસિડી અપાય છે.' અત્યાર સુધીમાં 50 હજારથી વધુ વિદ્યાર્થીઓના બેન્ક ખાતામાં 58 કરોડ જેટલી સબસિડીની રકમ અપાઈ હોવાનું પણ શ્રી બેરાએ કહ્યું હતું.**

# VAN DIVAS WITH VC

**રાજ્ય સહિત દેશભરમાં આજે આંતર-રાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરાશે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ વર્ષ 2012માં દર વર્ષે 21 માર્ચને વન દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. સાંભળીએ એક અહેવાલ.**

**(VOICE CAST ANIL PATEL)**

*(જંગલો માત્ર પર્યાવરણ સંતુલન માટે જ નહીં, પણ જળવાયુ પરિવર્તનને ઘટાડવા, જૈવ વૈવિધ્ય જાળવી રાખવા અને લાખો લોકો માટે આજીવિકાનો સ્રોત પણ છે. આંતરરાષ્ટ્રીય વન દિવસ 2025ની થીમ 'વન અને ભોજન' છે. વિશ્વ વન દિવસ ઉજવવાનો હેતુ વનનાં મહત્વ અને સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાનો છે. આજનાં દિવસે વિશ્વભરમાં વૃક્ષારોપણ અભિયાન, જાગૃતિ કાર્યક્રમો અને વન સંરક્ષણને પ્રોત્સાહન આપવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. 2023નાં અહેવાલ પ્રમાણે ભારતમાં કુલ વન અને વૃક્ષ આવરણ દેશનાં કુલ ભૌગોલિક વિસ્તારનાં 25.17 ટકા છે, જેમાં વન આવરણ 21.76 ટકા અને વૃક્ષ આવરણ 3.41 ટકા છે.*

*અનિલ પટેલ, આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

# RANI NI VAV -PATAN

વિશ્વ વિખ્યાત પાટણની રાણકી વાવમાં આજે એક અદભુત દૃશ્ય જોવા મળશે. આજે બપોરે 12:39 કલાકે સૂર્યના કિરણ સીધા ભગવાન શેષશાયી વિષ્ણુની મૂર્તિ પર પડતા જોવા મળશે. આ ઘટના 'વસંત સંપ્રાત' તરીકે ઓળખાય છે, જે દિવસથી સૂર્ય ઉત્તર તરફ ખસે છે, અને આ કારણે ઉત્તર ગોળાર્ધમાં દિવસ લાંબો અને રાત્રિ ટૂંકી થતી જાય છે.

# WHEAT

ખેડૂતો ટેકાના ભાવે ઘઉંના વેચાણ માટે આગામી 5 એપ્રિલ સુધી નોંધણી કરાવી શકશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ઘઉંની ટેકાના ભાવે ખરીદીનો ગત 17 માર્ચથી શુભારંભ થયો હતો. કેન્દ્ર સરકારે ઘઉં માટે 2 હજાર 425 પ્રતિક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો છે.

# PM KUSUM

રાજ્યમાં PM-KUSUM યોજના હેઠળ અત્યાર સુધીમાં સાત હજાર 700થી વધુ ખેડૂતોએ સોલાર પંપ લગાવ્યા છે. આ પંપ રાજકોટ જિલ્લાના ખંભાળા ગામમાં ખેડૂતો માટે લાભદાયી બન્યા છે. રાજકોટના ખેડૂત અશોક મકવાણાએ પ્રતિક્રિયા આપી

(બાઈટ:- અશોકભાઈ મકવાણા, ખેડૂત, રાજકોટ)

બનાસકાંઠા જિલ્લામાં પણ સોલાર પંપ દ્વારા અંદાજે 15 હજાર રૂપિયાના વીજળી બિલમાં પણ કાપ મૂકાયો છે. આ અંગે બનાસકાંઠાના ખેડૂત મહાદેવભાઈએ પ્રતિક્રિયા આપી

(બાઈટ:- મહાદેવભાઈ, ખેડૂત, બનાસકાંઠા)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# WEATHER

રાજ્યમાં આગામી 48 કલાકમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. સત્તાવાર યાદી મુજબ, હાલમાં રાજ્યનું મહત્તમ તાપમાન 38 ડિગ્રી અને લઘુતમ તાપમાન 21 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે.

છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 38 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન અમદાવાદ, રાજકોટ, મહુવા અને બનાસકાંઠાના ડીસા અને નોંધાયું છે. જ્યારે અમરેલી, સુરેન્દ્રનગર, ગાંધીનગર, વડોદરા અને કંડલા હવાઈમથક પર મહત્તમ તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે. જ્યારે સૌથી ઓછું 29 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન દેવભૂમિદ્વારકા જિલ્લામાં નોંધાયું છે.

# AMDAVAD POLICE

અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક મેનેજમેન્ટ અને એન્ફોર્સમેન્ટની કામગીરી અંતર્ગત ટ્રાફિક નિયમ ભંગ કરનારા બે લાખથી વધુ લોકો સામે કેસ કરાયો છે. તેમ જ તેમને 13 કરોડ 21 લાખ રૂપિયાનો દંડ કરાયો છે.

રાજ્યની વડી અદાલતમાં ગઈકાલે થયેલી સુનાવણીમાં શહેર ટ્રાફિક પોલીસે 27 ફેબ્રુઆરીથી 19 માર્ચ સુધી શહેરમાં ટ્રાફિક નિયમ ભંગ બદલ

કરાયેલી કામગીરીની વિગત આપી હતી. વડી અદાલતે પણ ટ્રાફિક પોલીસની આ કામગીરીની પ્રશંસા કરી હતી.

# VIRAMGAM SURENDRANAGAR TRAIN

રાજકોટ ડિવિઝનના વિરમગામ-સુરેન્દ્રનગર વિભાગમાં લીલાપુર રોડ- કેસરિયા રોડ મથક વચ્ચે સમારકામના કારણે કેટલીક ટ્રેનને અસર થશે. સત્તાવાર યાદી મુજબ, ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલ આવતીકાલે ઉપડીને વિરમગામ સુધી જશે. જ્યારે વિરમગામથી આ ટ્રેનને વેરાવળ-ગાંધીનગર કેપિટલ તરીકે દોડાવાશે. જ્યારે આવતીકાલે જ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ વેરાવળથી ઉપડીને સુરેન્દ્રનગર સુધી જશે. તેમ જ સુરેન્દ્રનગરથી તેને ગાંધીનગર કેપિટલ-વેરાવળ તરીકે દોડાવાશે.

તો આજે કોઈમ્બતુર-રાજકોટ એક્સપ્રેસને માર્ગ પર એક કલાક માટે નિયમન કરાશે અને આવતીકાલે ઓખા-એરણાકુલમ્ એક્સપ્રેસને માર્ગમાં 40 મિનિટ સુધી નિયમન કરાશે.

# VANDE BHARAT

પશ્ચિમ રેલ્વે દ્વારા મુંબઈ સેન્ટ્રલ ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસને 23 માર્ચ 2025થી પ્રાયોગિક ધોરણે વધારાનું આણંદ સ્ટેશન પર સ્ટોપેજ મળશે.

# GUJARAT MEDALS

ગુજરાત વિધાનસભામાં ગઈકાલે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણીઓ પસાર કરવામાં આવી. માગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા રમતગમત રાજ્યમંત્રી હર્ષ સઘવીએ ગૃહમાં જણાવ્યું કે, 'રાજ્યના ખેલાડીઓએ ગત બે વર્ષમાં રાષ્ટ્રીય કક્ષાએ 808 અને આંતર-રાષ્ટ્રીય કક્ષાએ 104 ચંદ્રક જીત્યા છે.'

ગુજરાત સૌથી વધુ રોકાણ લાવનારું રાજ્ય જ નહીં, સૌથી વધુ રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય રમત આયોજિત કરનાર રાજ્ય પણ છે તેમ શ્રી સંઘવીએ ઉમેર્યું હતું. તેમણે કહ્યું, 'ઑલિમ્પિકની તૈયારીના ભાગરૂપે ગુજરાત અને ખાસ કરીને અમદાવાદનો એક રમતગમત કેન્દ્ર તરીકે વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. શ્રી સંઘવીએ ગયા વર્ષની સાપેક્ષે 250 કરોડ રૂપિયા અંદાજપત્ર ફાળવવા બદલ પણ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# PATAN POLICE

પાટણ પોલીસે અસામાજિક તત્વોની યાદી તૈયાર કર્યા બાદ તેમની સામે તપાસ હાથ ધરી છે. શહેર બી ડિવિઝન પોલીસે વિવિધ વિસ્તારમાં રહેતા અને અસામાજિક તત્વોના ઘરે ગઈકાલે સાંજે આકસ્મિક તપાસ હાથ ધરી હતી. દરમિયાન ઘાતક હથિયાર, ગેરકાયદે બાંધકામની માહિતી મળતાં કાર્યવાહી હાથ ધરાઈ હતી એમ નાયબ જિલ્લા પોલીસ વડા કે. કે. પંડ્યાએ ગઈકાલે જણાવ્યું હતું.